શહેરમાં ડહોળા પાણીની વ્યાપક બૂમરાણ...!

નળમાંથી ડહોળુ પાણી આવતા રહીશોમાં આક્રોશ પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ : ડે એવરફલો થતા કેનાલમાં પાણીનું સ્તર ઉચું આવતા સમસ્યા સર્જાઈ : તંત્ર

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટરોમાં આજે ઘરે ઘરે ડહોળું પાણી આવતું હોવાની બૂમ ઉઠવા પામી હતી. સપ્લાય વેળાએ અત્યંત ડહોળું પાણી આવતા પાણીની ગુણવત્તા સામે નગરજનોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. એક બાજુ શહેરમાં રોગચાળાએ માથુ ઉંચકયું છે ત્યારે નળમાં આવતા ડહોળા પાણીના લીધે રહીશોમાં રોગચાળાની દષ્ટિએ દહેશતની લાગણી પ્રવર્તી છે. ડેમ ઓવરફલો થતા નર્મદા કેનાલમાં પાણીનું સ્તર વધતા પાણી ડહોળુ આવતું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં એક યા બીજી રીતે પાણીની પોકાર યથાવત રહે છે સેકટરમાં પાણીનો સપ્લાય ફોર્સથી ન આવતો હોવાની ફરિયાદો વચ્ચે આજે સેકટરોમાં ડહોળું પાણી આવ્યું હોવાની બૂમરાણ ઉઠવા પામી છે. ગત ચોમાસા દરમિયાન પણ સેકટરોમાં ડહોળા પાણીની વ્યાપક ફરિયાદો રહીશો માટે ચિંતાનું કારણ બની હતી. જયારે આજે પણ ઘરે ઘરે નળમાંથી અચાનક ડહોળું પાણી આવતા રહીશો અચંબામાં પડી ગયા હતા. પ્રથમ દષ્ટિએ આ પાણી દૂષિત હોવાનું જણાતા પાણી વિભાગની કચેરીએ પણ રહીશોએ દસ્તક દીધી હતી. સેકટરોમાં ડહોળુ પાણી આવતા ગૃહિણીઓમાં પણ રોષ પ્રવર્તતો હતો. એક બાજુ વાહકજન્ય રોગચાળાએ માથું ઉંચકયું છે. ત્યારે પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નો મંડરાતા નગરજનોમાં આક્રોશની લાગણી વ્યાપી હતી. શહેરમાં રોજ ૫૫ એમ.એલ.ડી. પાણીનો વપરાશ છે જયારે હાલ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. આ અંગે પાણી ગટર વ્યવસ્થા બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ વધુ વરસાદના લીધે ડેમ ઓવરફલો થતા ડહોળા પાણીની સમસ્યા સર્જાઈ છે. ડેમ ઓવરફલો થતા નર્મદા કેનાલમાં પાણીનું સ્તર ઉંચું આવ્યું છે. જેના પરીણામે આજે સેકટરોમાં ડહોળું પાણી આવ્યું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરમાં પાણીનો વપરાશ વધુ હોવાથી ૪૦ના બદલે ૫૦ એમ.એલ.ડી. પાણી તંત્રને પુરું પાડવામાં આવે છે. બીજી તરફ પાણી શુધ્ધિકરણ માટે પૂરતો સમય પણ મળતો નથી. જો કે સેકટરોમાં સપ્લાય થતું પાણી ટ્રીટ વોટર હોવાથી ડહોળા પાણી આરોગ્યની દષ્ટિએ જોખમી નથી. પરંતુ કેનાલમાં પાણીનું સ્તર સપ્રમાણ અને સ્થિર થાય ત્યાં સુધી આ સમસ્યા રહે તેવી સંભાવના છે. શહેરના મોટાભાગના નવા અને જૂના સેકટરોમાં ડહોળું પાણી આવતા કકળાટ પ્રવર્ત્યો હતો. સ્થાનિક રહીશોએ આ અંગે ઉગ્ર આક્રોશની લાગણી વ્યકત કરી છે.

સે-૪માં પાણી ફોર્સથી મળતું નથી!

સમગ્ર શહેરમાં ડહોળું પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો આમ નાગરિકોના રોષનું કારણ બની છે. સેકટરોમાં ઘરે ઘરે નળમાંથી ડહોળું પાણી આવતા રોગચાળાની સીઝનમાં નાગરિકોમાં ફફડાટ પ્રવર્ત્યો છે. બીજી તરફ પાણી શુધ્ધ કરીને સપ્લાય થતું હોવાનું તંત્રએ જણાવ્યું છે. ત્યારે કેટલાક સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની ફરિયાદો પણ ઉદભવી છે. સે-૪માં આજે પાણીનો ફોર્સ તરત ઘટી ગયો હોવાની બૂમરાણ ઉદભવી હતી. ફોર્સથી પાણી ન મળતા રહીશોએ પાણી માટે હાલાકી ભોગવવી પડી હતી.

હર હંમેશ દેશની સેવામાં.... ના સુંદર સ્લોગન સાથે ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તેના વિકલાંગ ગ્રાહકોને જ સેવા આપવામાં નિષ્ફળ પુરવાર થઈ રહી છે. ગાંધીનગર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જવા માટે ૩૬થી વધુ પગથિયા ચડવા પડે છે પણ સિનિયર સિટીઝનો કે વિકલાંગો માટે બ્રાન્ચ ફલોર પર પહોંચવાની તકલીફો વિશે સત્તાધીશો વિસરી ગયા છે. બેંકમાં લીફ્ટ છે પણ બ્રાન્ચ ફલોર બંધ છે. નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઈઓનો ભંગ સૌથી વધુ શાખાઓ ધરાવતી રાષ્ટ્રીયકૃત બેંકની મુખ્યશાખામાં અને તે પણ પાટનગરની શાખામાં વિસરાયો હોઈ સૌ ચિંતાતુર બન્યા છે. **(તસવીર : દિપક જાની)**

ચેઈન સ્નેચર્સ પકડવા માટે પોલીસ પ્રજાની મદદ લેશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સે રીતસરનો કેર વર્તાવ્યો છે ત્યારે અનેક પ્રયાસો કરવા છતાં ચેઈન સ્નેચર્સ હાથે ન લાગતા જિલ્લા પોલિસ વડાની સુચનાથી ચેઈન સ્નેચર્સ પકડવા પોલીસે ખાનગી બાતમીદારોને સક્રીય કર્યા છે. તે ઉપરાંત પલ્સર બાઈક પર ચેઈન સ્નેચીંગ કરવા આવતા અને ગાંધીનગરમાં પેધા પડી ગયેલા આ શખ્સોને પકડી દેનાર કે પકડવામાં મદદ કરનાર નાગરિકને રૂ. ૧૦ હજાર અને પોલીસને રૂ. ૨૫ હજાર રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત ગાંધીનગર જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવી છે.

આરોપી પકડી દેનાર નાગરિકને રૂ. ૧૦ હજાર અને પોલીસને રૂ. ૨૫ હજાર ઈનામ આપવાની જાહેરાત

ચેઈન સ્નેચીંગના વધી ગયેલા ગુનાઓને ગંભીરતાથી લઈને ગાંધીનગર એસ.પી. શરદ સિંઘલે બે દિવસ અગાઉ લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સહિત પોલીસ કર્મચારીઓ સાથે કોન્ફરન્સ ગોઠવી હતી. છેલ્લા છ મહિનામાં કયાં કયાં સ્થળોએ ચેઈન સ્નેચીંગ થયા છે અને સૌથી વધુ બનાવ કયાં બન્યા છે તે વિગત બહાર કાઢવા ગુગલ મેપ દ્વારા મેપીંગ કરી ટાર્ગેટ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે તે વિસ્તારોના તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર પી.સી.આર. વાન ઉભી રાખવાથી માંડીને સઘન વાહન ચેકીંગ સુધીનો એકશન પ્લાન તૈયાર કરી લારી ગલ્લા ધારકોને પણ બાતમીદાર બનાવવા સુધી પોલીસ દોડી છે. આ મીટીંગમાં ચેઈન સ્નેચર્સને કેવી રીતે ઝબ્બે કરવા તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને જે પોલીસ આ શખ્સોને પકડી પાડશે તેને રૂ. ૨૫ હજાર અને જે નાગરિક મદદરૂપ થશે તેને રૂ. ૧૦ હજાર ઈનામ આપવાની પણ એસ.પી.એ. જાહેરાત કરી હતી.

કેપીટલ સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર લાગશે : કુલી જોવા મળશે!

વેસ્ટર્ન રેલવે મેનેજરે મુસાફરો માટે પાયાની સુવિધા ઉપલબ્ધ કરવા સૂચના આપી

ગાંધીનગર, તા.૩૦

કેપીટલ સ્ટેશન પર રેલયાત્રિકોને લગતી જરુરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા મુંબઈ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરે અમદાવાદ ડિવીઝનલ કચેરીને સૂચના આપી છે. આગામી ટૂંક સમયમાં કેપીટલ સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર, ટ્રોલી, કુલી સહીતની સગવડતાઓ મુસાફરોને ઉપલબ્ધ થશે.

કરોડોના ખર્ચે વિકસેલા કેપીટલ સ્ટેશન પર રોજબરોજ ચાર ટ્રેઈનની અવર જવર રહે છે જયારે મુંબઈ, હરિદ્વાર, ઈન્દોર સહિતના મહત્વના જોડાણ ધરાવતા સ્ટેશન પર રેલ યાત્રિકોની અવર વજર વધી છે. આમ છતાં લાંબા સમયના અંતે પણ મુસાફરોને લગતી પાયાની સુવિધાઓના નામે મીંડુ છે. આ મામલે અગાઉ હાથ ધરાયેલી કામગીરી પણ અપૂર્ણ હોવાથી સ્ટેશન પર અવર જવર કરતા મુસાફરોને ડગલે નેપગલે પરેશાની ભોગવવી પડે છે. આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા કેપીટલ સ્ટેશન પર પાયાની સવલતો ઉભી કરવા રેલવે વિભાગને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. સ્ટેશન પર હાલ કોચ ઈન્ડીકેટર બંધ હાલતમાં છે. જયારે મુસાફરોના સામાન માટે ટ્રોલી, કુલી, ઘડીયાળ સહિતની જરુરી સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી મુસાફરોને સ્ટેશન પર મુશ્કેલીમાં મુકાવું પડે છે. મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ કેપીટલ સ્ટેશન પર પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા મુંબઈ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરે અમદાવાદ ડિવીઝનના મેનેજરને સૂચના આપી છે. જેના અનુસંધાને આગામી ટૂંકા સમયમાં આ તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેવું પણ તેમણે જણાવ્યું છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે આજે માણસામાં ગરીબ કલ્યાણ મેળાના આયોજનની તૈયારી માટે બેઠક યોજી હતી.
- ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ એપોલો હોસ્પિટલમાં હવે વાહનોની પાર્કિંગ ફી વસુલવામાં આવેછે.
- ગાંધીનગર મેડીકલ કોલેજનું પ્રથમ વર્ષનું પરિણામ ૭૫ ટકા આવ્યું છે તેમજ ત્રણ વિદ્યાર્થીઓએ યુનિ.ના ૧ થી ૫૦ ટોપર્સમાં સ્થાન મેળવ્યું છે.
- ગાંધીનગર એલ.ઓ.જી. પી.આઈ. શ્રી બી.એલ. ચાવડાની બદલીના હુકમ કરાયા છે.
- મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ શ્રાવણ માસ નિમિત્તે નારદીપુરના હાટકેશ્વર મંદિરમાં પૂજા-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.
- સે.૨૨ જૈન દેરાસર ખાતે જાણીતા હાસ્ય કલાકાર શ્રી અજય બારોટ (ટી.વી. આર્ટીસ્ટ)નો હાસ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે.
- વર્ગ-૪ કર્મચારી મહામંડળની આજે મળેલ બેઠકમાં પડતર પ્રશ્નો અંગે આંદોલનનો નિર્ણય લેવાયો છે અને આંદોલનના આગામી કાર્યક્રમો અંગે ૪-૯-૨૦૧૩ના રોજ વિસ્તૃત બેઠકનું આયોજન કરાયું છે.
- શ્રાવણ માસનો આજે અંતિમ શુક્રવાર હોવાથી ઘણી મહિલાઓએ જીવંતિકાનું વ્રત કરી અને લાલ કપડાં પરિધાન કર્યા હતા.
- 'એક શામ શિવ કે નામ' શ્રાવણ મહિનાના અંતિમ ચરણમાં સોમનાથ મહાદેવ, સેકટર-૧૬ ખાતે બ્રહ્મસમાજ યુવા પરિવારે ૩૧મીને શનિવારે રાત્રે જાણીતા લોકગાયિકા ભાવનાબેન લાબડિયાના ડાયરાનું આયોજન કરેલ છે.

સચિવાલયના ૩૨ નાયબ સેક્શન અધિકારીઓને બઢતીના હુકમ

ગાંધીનગર, તા. ૩૦

સચિવાલયના વિભાગોમાં બદલી અને બઢતીનો દોર રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ ૩૨ જેટલા નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસો અગાઉ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અંદાજે ૩૨ જેટલા સેક્શન અધિકારીઓને ઉપસચિવ તરીકે બઢતી આપતા સેક્શન અધિકારીઓની જગ્યાઓ ખાલી પડવા પામી હતી.

આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટે રાજ્ય સરકારે વિવિધ વિભાગોમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા અંદાજે ૩૨ જેટલા અધિકારીઓને સેકશન અધિકારી તરીકે બઢતી આપીને જુદા જુદા વિભાગોમાં બદલી કરીને નિમણુંક આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા ઉપસચિવ સંવર્ગના અંદાજે દસ જેટલા અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી ટૂંક સમયમાં બઢતીના હૂકમો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત જુદા જુદા વિભાગોમાં સંયુક્ત સચિવ અને અધિક સચિવ સંવર્ગની પણ ચાર થી પાંચ જેટલી જગ્યાઓ ખાલી પડી હોઈ આ જગ્યાઓ પણ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય વિભાગોના ચાર સેકશન અધિકારીઓની આંતરીક બદલી

ગાંધીનગર, તા.૩૦

સચિવાલયના વિભાગોમાં ફરજ બજાવતા ૪ જેટલા સેકશન અધિકારીઓની આંતરીક બદલીઓ કરવામાં આવી છે.

	નામ	હાલની જગ્યા	બદલીની જગ્યા
૧.	શ્રીમતી રીતા સી. જાડેજા	આરોગ્ય અને પ.ક. વિભાગ	શહેરી વિકાસ શહેરી ગૃહ નિ. વિભાગ
૨.	ડી.કે. રામી	પં.ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ. વિભાગ	કૃષિ સહકાર વિભાગ
૩.	શ્રીમતી જી.એ. વસાવા	શ.વિ અને શ.ગૃ. નિ. વિભાગ	નર્મદા જ.સં.પા પુ.ક.વિભાગ
૪.	એચ.કે. ગોહિલ	મા.મ. વિભાગ	નર્મદા જ.સં.પા. પુ.ક. વિભાગ

૧૨ કિસ્સામાં પેન્શનની રકમમાંથી બાકી ભાડા વસુલાતીનો આદેશ

ઈવીક્શન કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૩૦

નિવૃત્તિ અને અવસાન બાદ સરકારી આવાસોનો ગેરકાયદેસર કબજો ધરાવતા ૧૨ કિસ્સામાં પેન્શનની રકમમાંથી ભાડાની વસુલાત કરવા ઈવીકશન કોર્ટે આદેશ કર્યો છે. આ અન્વયે ભાડા વસુલાત શાખા દ્વારા વસુલી કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

શહેરના વિવિધ સરકારી આવાસોમાં ગેરકાયદેસર કબજો ધરાવતા તેમજ નિયમિત ભાડાની ચુકવણી ન થતી હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા સખત કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જ્યારે સરકારી આવાસ ખાલી ન કરનારા ગેરકાયદેસર કબ્જેદારો સામે પણ તંત્રકક્ષાએથી કોર્ટ કેસ દાખલ કરવામાં આવે છે. જ્યારે કર્મચારીના અવસાન તેમજ નિવૃત્તિના સંજોગોમાં પણ આવાસોનો કબજો પરત ન થતા અગાઉ આ મામલે તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેના અંતે ઈવીક્શન કોર્ટના આદેશ મુજબ તિજોરી અધિકારીને પેન્શનની રકમમાંથી ભાડાની વસુલાત કરવા આદેશ કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ પેન્શનની રકમમાંથી વસુલાતની કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. ૧૨ જેટલા કિસ્સામાં પેન્શનની રકમમાંથી વસુલાત કરવામાં આવી રહી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

બેસણું

અમારા ભાઈશ્રી **જિતેન્દ્રભાઈ ચંદ્રવદન ભટ્ટ (જિતુમામા)**નું તા. ૨૯/૮/૨૦૧૩ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમના આત્માશ્રેયાર્થે **સદ્દગતનું બેસણું તા. ૧/૯/૨૦૧૩ને રવિવારના રોજ બપોરના ૩-૦૦ થી ૫-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૭૩, સેક્ટર નં. ૨૯, ઘ-૬ કોર્નર, ગાંધીનગર
ફોન : (નિ.) (૦૭૯) ૨૩૨૨૭૭૫૦

લિ.

પ્રકાશ ચંદ્રવદન ભટ્ટ	તરલીકા જિતેન્દ્ર ત્રિવેદી
કંવલ પ્રકાશ ભટ્ટ	જ્યોતિ ચંદ્રવદન ભટ્ટ
જિતેન્દ્ર એન. ત્રિવેદી	સ્મીતા પ્રકાશ ભટ્ટ
જીગર જે. ત્રિવેદી	જલ્પા કંવલ ભટ્ટ
સત્યમ્ જે. ત્રિવેદી	હેતલ જે. ત્રિવેદી
હેતાંશ જે. ત્રિવેદી	અમિષા એસ. ત્રિવેદી
	યશ્વી એસ. ત્રિવેદી

राष्ट्रीय बालश्री सम्मान, 2013
राष्ट्रीय बाल भवन, नई दिल्ली
(मा.सं.वि. मंत्रालय, भारत सरकार)
द्वारा संस्थापित
एक ऐसी योजना है जिसके अन्तर्गत
9 से 16 वर्ष (1 अप्रेल 2003 तक) की आयुवर्ग के
अत्यधिक सृजनशील बच्चों का
चार क्षेत्रों में चयन किया जाता है ।
सृजनात्मक प्रदर्शन कला
सृजनात्मक कला
सृजनात्मक वैज्ञानिक नवीकरण
सृजनात्मक लेखन
(जो वर्ष 2014
... पंजीकरण की अंतिम तिथि 06/09/2013 है ।
अधिक जानकारी के लिए संपर्क करें :
रीटा बहेन बिहोला (सह कन्वीनर)
... 28, गांधीनगर - 382028
दूरभाष : (079) 23210477,23210545 मोबाइल : 9979140854
E-Mail : shilpimage@gmail.com

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com